# ભારતના ધનિક રાજયોમાં ‘ ગુજરાત’

સંકલન : ગોંડલિયા પુરણ એ.



ગુજરાત રાજય ફકત ભારતીય જીડીપીમાં જ એક મોટો હિસ્સો ધરાવતા નથી પરંતુ દેશના મોટાભાગની રેવન્યુ આ રાજયોમાંથી જ આવે છે. આ ક્ષેત્રમાં પણ કયાંય આગળ છે. જીડીપીના મામલામાં ભારતના સૌથી ધનિક રાજય છે.

**મહારાષ્ટ્ર** ઃ આ ભારતનું સૌથી ધનિક રાજય છે અને દેશનું બીજા નંબરનું સૌથી મોટું શહેર છે. આ ભારતની બીજી સૌથી મોટી વસતી અને ક્ષેત્રફળની દૃષ્ટિએ ત્રીજા નંબર પર મોટું રાજય છે . દેશની કુલ રેવન્યુનો ૪૦ ટકા હિસ્સો મહારાષ્ટ્રથી આવે છે. જયારે ૧૫ ટકા ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં મહારાષ્ટ્રનું યોગદાન છે. મહારાષ્ટ્રનો જીડીપી ૮૪૫૧ અબજ રૂપિયા છે. જયારે વ્યકિતદીઠ આવક રૂપિયા ૬૯૬૨૭ છે.

**ઉત્તર પ્રદેશ** ઃ ભારતમાં વસતીની દૃષ્ટિએ આ સૌથી મોટું રાજય છે. આ રાજયમાં નાના પાટે કેટલીય ઈન્ડસ્ટ્રીઝઓ કામ કરી રહી છે.જેનાથી મોટી સંખ્યામાં સરકારને રેવન્યુ મળે છે. સર્વિસ સેકટરનું પણ મોટું યોગદાન છે. પરંતુ સૌથી મોટી રેવન્યુ ટુરિઝમ સેકટરમાંથી આવે છે. યુપીની કુલ જીડીપી ૪૮૭૪ અબજ રૂપિયા છે. આ રાજયમાં વ્યકિતદીઠ આવક ૨૧૬૭૦ રૂપિયા છે. આંધ્રપ્રદેશ ઃ આ ભારતનું સૌથી મોટું રાજય છે. આ રાજયની સૌથી વધુ રેવન્યુ પોતાના સર્વિસ સેકટરમાંથી મળે છે. મિનરલ વેલ્થના મામલામાં આંધ્રપ્રદેશ ભારતના બીજા સ્થાન પર છે. આ રાજયની કુલ જીડીપી ૪૪૫૬ અબજ રૂપિયા છે. જયારે વ્યકિતદીઠ વક રૂ.૪૭૮૨૪ છે. તામિલનાડુ ઃ આ ભારતનું સૌથી વધુ સાક્ષર રાજય છે. આ રાજયમાં ઔદ્યોગિકરણ બહુ ઝડપથી વધી રહ્યુ છે. કેટલીય મોટી કાર કંપનીઓના પ્લાન્ટ તામિલનાડુમાં છે. જેમાં નિસાન, ફોર્ડ, બીએમડબલ્યુ વગેરે મુખ્ય છે. તામિલનાડુની જીડીપી ૪૩૫૦ અબજ રૂપિયા છે અને વ્યકિતદીઠ આવક રૂપિયા ૫૯૯૪૭ છે.

**ગુજરાત** ઃ આ ભારતનું સૌથી ઝડપથી વિકાસ કરનાર રાજય છે. અહીં કેટલાય પ્રકારના ઉદ્યોગ ફૂલ્યા – ફાલ્યા છે. દુનિયાની સૌથી મોટી જામનગર રિફાઈનરી આ રાજયમાં છે. દેશમાં સૂરત હીરાના વેપાર માટે સૌથી મોટું કેન્દ્ર છે. ગુજરાતનો જીડીપી ૪૨૦૫ અબજ રૂપિયા છે, જયારે વ્યકિતદીછ આવક ૫૯૯૪૭ રૂપિયા છે.